સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગર માટે મકાન ભાડુ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/૬૨૮૯૯૫(પા.ફા.)/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮/૦૯/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) આ વિભાગનો તા.૨૩/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: સકછ/૧૦૧૬/૩૯૦૬૯૦/ગ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./મ.ભા./૨૦૧૯-૨૦/૧૦૦

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગર માટે ભાડે રાખેલ શુભમ કોમ્પ્લેક્ષના શાંતીનાથ શોપીંગ સેન્ટરના કુલમુખ્ત્યાર, શાહ શાંતાબેન રમણીકલાલની માલિકીના મકાનનું તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી મકાન ભાડુ રૂ.૨૨,૦૦૦/- રીન્યુ કરવામાં આવેલ હતું. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રની સૂચના મુજબ જુદા જુદા હેતુઓ માટે મકાન/ જગ્યાનું ભાડુ નિયત કરવા અંગે એકવાર વાર્ષિક ધોરણે મંજુરી આપવામાં આવ્યા પછી જો ભાડામાં કોઇ ફેરફાર ન હોય તો એ જ બિલ્ડીંગ અને એ જ ભાડા માટે વારંવાર વિભાગની મંજુરીની જરૂર ન હોઇ ઉક્ત છાત્રાલયનું મકાન ભાડુ નિયામકશ્રી(વિ.જા.ક.) કક્ષાએથી રીન્યુ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રમાં જણાવ્યા મુજબ ઉક્ત છાત્રાલયના મકાન માલિકીમાં શાહ કેયુરભાઇ વિનોદભાઇના નામે માલિકી ફેર થયેલ છે. સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગરના મકાન માલિકીમાં થયેલ ફેરફાર સાથે વર્ષ ૨૦૧૯-૨૦નું માસિક મકાન ભાડુ રૂ.૨૨,૦૦૦/- (અંકે રૂપિયા બાવીસ હજાર પુરા) રીન્યુ કરવા માટે નિયામકશ્રી(વિ.જા.ક.)એ ઉક્ત પત્રથી દરખાસ્ત કરેલ છે.

(P.T.O.)

ઠરાવ:-

સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગરના મકાન માલિકીમાં થયેલ ફેરફાર સાથે વર્ષ ૨૦૧૯-૨૦નું માસિક મકાન ભાડુ રૂ.૨૨,૦૦૦/- (અંકે રૂપિયા બાવીસ હજાર પુરા) રીન્યુ કરવા માટેની નિયામકશ્રી(વિ.જા.ક.)ની દરખાસ્તને આથી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધેલ (૧) પરના તા.૧૭/૧૦/૨૦૧૬ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૦૫/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર.
(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૬) જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.), ભાવનગર.
(૭) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
(૮) સિલેકટ ફાઇલ